GJPT010009152026

આવ્યા તારીખ : ૧૩–૦૪–૨૦૨૬
નોંધ્યા તારીખ : ૧૩–૦૪–૨૦૨૬
ફેંસલ તારીખ : ૨૧–૦૭–૨૦૨૬
સમય ગાળો : વર્ષ : માસ : દિવસ
૦૦ : ૦૩ : ૦૮

**પાટણ જીલ્લાના બીજા એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ તેમજ પોકસો એકટ અન્વયેની સ્પેશ્યલ કોર્ટના જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ.પાટણ.**

**સ્પે.પોકસો કેસ નંબર : ૧૨ સને ૨૦૨૬**

**આંક :– ૪૪**

**// ફોર્મ – એ //**

| | |
|---|---|
| **ગુનો :–** | કાકોશી પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટ્રેશન નંબર : ૧૧૨૧૭૦૧૪૨૬૦૧૨૩ સને ૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૩૭(૨), ૬૪(૧), ૩૫૧(૨) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૩(એ), ૪ અન્વયે. |
| **ફરીયાદી :–** | શ્રી સરકાર (મુળ ફરીયાદી : ભોગ બનનારના પિતા ) |
| **ફરીયાદ પક્ષ તરફે** | વિદ્વાન એ.પી.પી.શ્રી આર.પી.રાવલ |
| **આરોપી :–** | જીગરજી કડવાજી ઠાકોર, ઉ.વ.૨૨, ધંધો : મજુરી, રહેવાસી : ગામ મુડવાડા, રબારીપુરા, તા.સિદ્ધપુર, જી.પાટણ. |
| **આરોપી તરફે** | વિદ્વાન વકીલશ્રી એ.કે.લાલવાણી |

**// ફોર્મ – બી //**

| | |
|---|---|
| **ગુનો બન્યાની તારીખ** | તારીખ : ૨૦/૦૨/૨૦૨૬ કલાક ૨૨–૦૦ થી તારીખ : ૦૨/૦૩/૨૦૨૬ કલાક ૨૨–૦૦ |
| **ગુનો જાહેર થયાની તારીખ** | તારીખ : ૦૪/૦૩/૨૦૨૬ કલાક ૨૦–૪૫ |

| | |
|---|---|
| **ચાર્જશીટની તારીખ** | તારીખ : ૧૩/૦૪/૨૦૨૬ |
| **તહોમતનામાની તારીખ** | તારીખ : ૧૮/૦૬/૨૦૨૬ |
| **ફરીયાદ પક્ષનો પુરાવો શરૂ કર્યાની તારીખ** | તારીખ : ૦૨/૦૭/૨૦૨૬ |
| **ફરીયાદ પક્ષનો પુરાવો પૂર્ણ કર્યાની તારીખ** | તારીખ : ૦૮/૦૭/૨૦૨૬ |
| **વિશેષ નિવેદન નોંધ્યા તારીખ** | -- |
| **બચાવ પક્ષનો પુરાવો શરૂ કર્યાની તારીખ** | -- |
| **બચાવ પક્ષનો પુરાવો પૂર્ણ કર્યાની તારીખ** | -- |
| **પક્ષકારો તરફે દલીલો સાંભળ્યાની તારીખ** | તારીખ : ૨૧/૦૭/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | તારીખ : ૨૧/૦૭/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો** | -- |

## આરોપીની વિગત :-

| અ.નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર | શું સજા કરી ? | ટ્રાયલ દરમ્યાન જેલમાં ગાળેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | જીગરજી કડવાજી ઠાકોર | ૦૫/૦૩/૨૬ | યુ.ટી.પી. | પીનલ કોડની કલમ-૧૩૭(૨), ૬૪(૧), ૩૫૧(૨) તથા પોકસો એકટની કલમ-૩(એ), ૪ | નિર્દોષ છોડવામાં આવ્યા છે. | -- | ૦૪ માસ, ૧૬ દિવસ |

## // ફોર્મ - સી //

## -: ફરીયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ :-

**(એ)** ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ મૌખિક પુરાવા :-

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| (૧) | ભોગ બનનાર | ભોગ બનનાર | ૦૯ |
| (૨) | ભોગ બનનારના પિતા | ફરીયાદી/સાહેદ | ૧૧ |
| (૩) | દિનેશકુમાર ડાહ્યાભાઇ ચૌધરી | પોલીસ સાહેદ | ૩૩ |

(બી) ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા :-

| અ.નં. | દસ્તાવેજની વિગત | પ્રકાર | આંક |
|---|---|---|---|
| (૧) | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.કલમ-૧૮૩ અન્વયેનું નિવેદન | અસલ | ૧૦ |
| (૨) | ફરીયાદ | અસલ | ૧૨ |
| (૩) | ડેપ્યુટ હુકમ | અસલ | ૧૩ |
| (૪) | ગુનો રજીસ્ટર્ડ કરવા પી.એસ.ઓ.ને કરેલ પત્ર | અસલ | ૧૪ |
| (૫) | ભોગ બનનારના શાળા છોડયાનું પ્રમાણપત્ર | ઝેરોક્ષ | ૧૫ |
| (૬) | ભોગ બનનારે બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું | અસલ | ૧૬ |
| (૭) | આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું | અસલ | ૧૭ |
| (૮) | સરકારી પંચો ફાળવવા અંગે જીલ્લા ખેતીવાડી અધિકારીની કચેરી, પાટણનો કાર્યાલય આદેશ | અસલ | ૧૮ |
| (૯) | ગુનાવાળી (દુષ્કર્મવાળી) જગ્યાનું પંચનામું | અસલ | ૧૯ |
| (૧૦) | ગુનાના કામે ઉપયોગમાં લેવાયેલ મોટર સાયકલ કબજે કર્યાનું પંચનામું | અસલ | ૨૦ |
| (૧૧) | ભોગ બનનારની જન્મ તારીખ/જાતિ અંગેનું તેણીની શાળાનું પ્રમાણપત્ર | અસલ | ૨૧ |
| (૧૨) | ભોગ બનનારને પ્રાથમિક શાળામાં દાખલ કરતી વખતે ભરેલ ફોર્મ | ખરી નકલ | ૨૨ |
| (૧૩) | આરોપીની શારીરિક તપાસ અંગેનું ધારપુર હોસ્પિટલનું મેડીકલ સર્ટીફિકેટ | અસલ | ૨૩ |
| (૧૪) | ભોગ બનનારની શારીરિક તપાસ અંગેનો કાકોશી સી.એચ.સી.નો એકઝામીનેશન રીપોર્ટ | અસલ | ૨૪ |
| (૧૫) | ભોગ બનનારની શારીરિક તપાસ અંગેનો ધારપુર હોસ્પિટલનો એકઝામીનેશન રીપોર્ટ | અસલ | ૨૫ |
| (૧૬) | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ ના નિવેદનની નકલ મોકલી આપવા અંગે વિ.મેજીસ્ટ્રેટ કોર્ટ, સિદ્ધપુર દ્વારા ત.ક.અમલદારને કરેલ ફોરવર્ડીંગ પત્ર | અસલ | ૨૬ |
| (૧૭) | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ નું નિવેદન શીલબંધ કવરમાં | અસલ | ૨૭ |
| (૧૮) | ભોગ બનનારની મેડીકલ ચકાસણી અંગે કાકોશી | અસલ | ૨૮ |

| | | | |
|---|---|---|---|
| | સી.એચ.સી.ને ત.ક.અમલદારે કરેલ પત્ર | | |
| (૧૯) | મોબાઇલ નંબરની કોલ ડીટેઇલની માહિતી આપવા અંગે ના.પો.અધિ.શ્રી, સિદ્ધપુર વિભાગને ત.ક.અમલદારે કરેલ વિનંતી પત્ર | ઓફિસ કોપી | ૨૯ |
| (૨૦) | મોબાઇલ નંબરની કોલ ડીટેઇલ મેળવવા મોકલી આપેલ એનેક્ષર–૯ નું ફોર્મ | ઓફિસ કોપી | ૩૦ |
| (૨૧) | મોબાઇલ નંબરની કોલ ડીટેઇલ આપવા અંગે પોલીસ અધિક્ષકશ્રી, એલ.સી.બી.પાટણનાઓને ત.ક.અમલદારે કરેલ વિનંતીપત્ર | ઓફિસ કોપી | ૩૧ |
| (૨૨) | પૃથ્થકરણ સર્ટીફિકેટ આપવા અંગે એફ.એસ.એલ અમદાવાદને ત.ક.અમલદારે કરેલ પત્ર | ઓફિસ કોપી | ૩૨ |
| (૨૩) | સરકારી પંચો ફાળવવા અંગે તાલુકા વિકાસ અધિકારીશ્રી, પાટણને ત.ક.અમલદારે કરેલ પત્ર | ઓફિસ કોપી | ૩૪ |
| (૨૪) | સરકારી પંચો ફાળવવા અંગે જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, પાટણને ત.ક.અમલદારે કરેલ પત્ર | ઓફિસ કોપી | ૩૫ |
| (૨૫) | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ નું નિવેદન નોંધવા અંગે વિ.મેજીસ્ટ્રેટ કોર્ટ, સિદ્ધપુરને ત.ક.અમલદારે કરેલ વિનંતી પત્ર | ઓફિસ કોપી | ૩૬ |
| (૨૬) | આરોપીની શારીરિક તપાસણી કરવા અંગે ધારપુર હોસ્પિટલને ત.ક.અમલદારે કરેલ વિનંતી પત્ર | ઓફિસ કોપી | ૩૭ |
| (૨૭) | આરોપીની મેડીકલ તપાસણી અંગે ધારપુર હોસ્પિટલને ત.ક.અમલદારે કરેલ વિનંતી પત્ર | ઓફિસ કોપી | ૩૮ |
| (૨૮) | ભોગ બનનારની શારીરિક તપાસણી અંગે ધારપુર હોસ્પિટલને ત.ક.અમલદારે કરેલ વિનંતી પત્ર | ઓફિસ કોપી | ૩૯ |
| (૨૯) | મુદ્દામાલ રવાનગી પત્રક | ઓફિસ કોપી | ૪૦ |
| (૩૦) | મુદ્દામાલ મળ્યાની એફ.એસ.એલ.અમદાવાદની પહોંચ | અસલ | ૪૧ |
| (૩૧) | એફ.એસ.એલ.અમદાવાદનો ફોરવર્ડીંગ લેટર તથા બાયોલોજી અને સીરોલોજી વિભાગનો પૃથ્થકરણ અહેવાલ | અસલ | ૪૨ |

**(સી)** બચાવ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ મૌખિક પુરાવા :–

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| –– | –– | –– | –– |

**(ડી)** બચાવ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા :-

| અ.નં. | દસ્તાવેજની વિગત | પ્રકાર | આંક |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

**(ઈ)** કોર્ટ તરફે રજુ કરવામાં આવેલ મૌખિક પુરાવા :-

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

**(એફ)** કોર્ટ તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા :-

| અ.નં. | દસ્તાવેજની વિગત | પ્રકાર | આંક |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

## // ફોર્મ – ડી //

## -: ચાર્જશીટ સાથે રજુ કરેલ મુદ્દામાલની વિગત :-

| આર્ટિકલ નંબર | પાવતી નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| (૧) | ૨૦/૨૦૨૬ | એક પંજાબી ડ્રેસ ટોપ, ઘાટ્ટા વાદળી કલરનો જુના જેવો છે જે ડ્રેસ હેરવી ફેરવી ઝીણવટપુર્વક જોતા ડ્રેસના પાછળના ભાગે છુટા છવાયા લાલ સુકાઇ ગયેલા ડાઘા પડેલ છે, જેને માર્ક-A આપી કિં.રૂા.૦૦/- ની ગણી તપાસ અર્થે કબજે લીધેલ છે તે. |
| (૨) | ૨૦/૨૦૨૬ | એક કાળા કલરનો પાયઝામો છે જેને હેરવી ફેરવી ઝીણવટપુર્વક જોતા નીચેના ભાગે સફેદ સુકાઇ ગયેલા ડાઘ પડેલ છે, જેને માર્ક-A1 આપી કિં.રૂા.૦૦/- ની ગણી તપાસ અર્થે કબજે લીધેલ છે તે. |
| (૩) | ૨૦/૨૦૨૬ | એક કાળા કલરનો જાંગીયો છે જેને હેરવી ફેરવી ઝીણવટપુર્વક જોતા અંદરના ભાગે રતાશ પડતા સુકાઇ ગયેલા ડાઘા પડેલ છે, જેને માર્ક-A2 આપી કિં.રૂા.૦૦/-ની ગણી તપાસ અર્થે કબજે લીધેલ છે. |
| (૪) | ૨૧/૨૦૨૬ | એક શર્ટ કાળા કલરનું આખી બાંયનું છે જેના આગળના ભાગે બે ખિસ્સાવાળુ છે. જેની ડાબી બાજુના ખિસ્સા ઉપર અંગ્રેજીમાં લખાણવાળી ડીઝાઇન છે. જેના કોલરના ભાગે Relaxed Luxury M-સાઇઝનો માર્કો છે જે શર્ટ હેરવી ફેરવી ઝીણવટપુર્વક જોતા કોઇ દેખિતા નોંધપાત્ર નિશાનો જણાતા નથી. જેને માર્ક-B આપી |

| | | |
|---|---|---|
| | | કિં.રૂા.૦૦/–ની ગણી તપાસ અર્થે કબજે લીધેલ છે તે. |
| (૫) | ૨૧/૨૦૨૬ | એક પેન્ટ જુનુ સફેદ કલરનું મેલુ સાદા કપડામાં સીવડાવેલ છે જેના અંદર કોઇ ટેલર માર્ક નથી. જે પેન્ટ હેરવી ફેરવી ઝીણવટપુર્વક જોતા કોઇ દેખિતા નોંધપાત્ર નિશાનો જણાતા નથી. જેને માર્ક–B1 આપી કિં.રૂા.૦૦/–ની ગણી તપાસ અર્થે કબજે લીધેલ છે તે. |
| (૬) | ૨૧/૨૦૨૬ | એક જાંગીયો આસ્માની કલરનો ઉપરના ભાગે અંગ્રેજીમાં લખાણની ડીઝાઇનવાળો છે. જેના કમરના ભાગે ઇલાસ્ટીક ઉપર અંગ્રેજીમાં Kalvin Klein લખેલ છે. જે જાંગીયો હેરવી ફેરવી ઝીણવટપુર્વક જોતા કોઇ દેખિતા નોંધપાત્ર નિશાનો જણાતા નથી. જેને માર્ક–B2 આપી કિં.રૂા.૦૦/–ની ગણી તપાસ અર્થે કબજે લીધેલ છે તે. |
| (૭) | ૨૨/૨૦૨૬ | એક બજાજ કંપનીનું પલ્સર મો.સા. જેનો RTO રજી. નં.GJ-24-BD-3972 તથા એન્જીન નં. DHXWSL 31594 તથા ચેચીસ નં. MD2B68BX3SWL17412 ના છે તે. |
| (૮) | ૨૨/૨૦૨૬ | એક ગુલાબી કલરનો ઓપો કંપનીનો એડ્રોઇડ મોબાઇલ ફોન જેના IMEI નં.(1) 862928083136993, (2) 86292803136985 ના છે તે. |

**–:: ઠરાવ ::–**

**(૧)** હાલના ચુકાદાની ચર્ચા શરૂ કરતા પહેલા અત્રે એ નોંધવુ જરૂરી છે કે, હાલનો કેસ બાળકોને જાતિય ગુનાઓથી રક્ષણ આપતા અધિનિયમ, ૨૦૧૨ (સરળતા ખાતર "પોકસો એકટ") અન્વયે નોંધાયેલા ગુના સબબ છે. સદર પોકસો એકટની કલમ–૩૩(૭) તથા નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા **નિપુણ સકસેના વિરૂદ્ધ યુનિયન ઓફ ઇન્ડીયા ૨૦૧૯(૨) એસ.એસ.સી. ૭૦૩** થી આપેલ આદેશ અનુસાર પોકસો એકટ અન્વયેના ગુનાની તપાસ અને ટ્રાયલ દરમ્યાન બાળકની ઓળખ કોઇપણ રીતે કે કોઇપણ પ્રકારે જાહેર ન થાય તે બાબતે ખાસ કાળજી લેવાની હોય, આ સમગ્ર ચુકાદામાં ભોગ બનનાર બાળાના નામનો કયાંય પણ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી અને માત્ર " ભોગ બનનાર " તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**(૨)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી તથા તેમના પરિવારના સભ્યો તા.૦૨/૦૩/૨૦૨૬ ના રોજ જમી પરવારીને

રાત્રીના સુઇ ગયેલા અને રાત્રીના આશરે દસેક વાગે ફરીયાદી જાગતા તેઓની ભોગ બનનાર દિકરી તેણીના ખાટલામાં ન હતી. જેથી તેઓએ તથા તેમની પત્નીને આજુબાજમાં તથા તેઓના કુટુંબના માણસોમાં તપાસ કરવા છતા તેણીની કોઇ ભાળ મળેલ નહીં. ત્યારબાદ તેમની ભોગ બનનાર દિકરીને તેઓના સગા સબંધીઓ તા.૦૪/૦૩/૨૦૨૬ ના રોજ શોધીને લાવતા, ફરીયાદીએ તેમની ભોગ બનનાર દિકરીને પુછતા, ભોગ બનનારે જણાવેલ કે, " આપણા ગામના જીગરજી કડવાજીએ તેણીને તા.૦૨/૦૩/૨૦૨૬ ના રોજ રાત્રીના દસેક વાગે ફોન કરીને કહેલ કે, આપણે અગાઉ ગઇ તા.૨૦/૦૨/૨૦૨૬ ના રોજ રાતે દસેક વાગે આપણા ગામના વ્હોળાની બાજુમાં આવેલ તળાવમાં બાવળોની ઝાડીમાં શરીર સુખ માણેલ ત્યાં તું આવજે, જેથી રાતના સમયે ઘરના બધા સુઇ ગયેલ તે સમયે હું છાની માની ચાલતી ચાલતી તળાવમાં ગયેલ અને જયાં ઠાકોર જીગરજી તેની પાસેનું પલ્સર બાઇક લઇને આવેલ અને તેણે મને કહેલ કે, આપણે અહીંથી ભાગી જઇએ. જેથી મેં ના પાડતા જીગરે મને કહેલ કે, તારે આવવુ પડશે નહીંતર હું બધાની કહીને તારી બદનામી કરી દઇશ. જેથી હું તેની સાથે બાઇકમાં બેસીને ગયેલી અને જે મને રાતના સમયે બાઇક લઇને નીકળી ગયેલ અને આજરોજ બપોરના સમયે ખેરાલુ બાજુ જે જગ્યા મને ખબર નથી ત્યાં મને મુકીને જતો રહેલ અને જયાંથી મને આપણા સંબંધીઓ દ્વારા મને પરત લાવેલ છે " તેવી વાત કરેલ. જેથી ફરીયાદીએ આ સબબની આરોપી વિરૂદ્ધ કાયદેસર થવા ફરીયાદ આપેલ છે.

(૩) ફરીયાદીની ફરીયાદ આધારે કાકોશી પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટ્રેશન નંબર : ૧૧૨૧૭૦૧૪૨૬૦૧૨૩ સને ૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ (સરળતા ખાતર "બી.એન.એસ.") ની કલમ-૧૩૭(૨), ૬૪(૧) ૩૫૧(૨) તથા પોકસો એકટની કલમ-3(એ), ૪ અન્વયે સજાને પાત્ર ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને ગુનાની તપાસના અંતે તપાસ કરનાર અધિકારીએ આ કામના આરોપી વિરૂદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ( સરળતા ખાતર "બી.એન.એસ.એસ" ) ની કલમ-

૧૯૩(૨) અન્વયે ઉપરોકત ગુનાઓ અંગેનું ચાર્જશીટ અત્રેની પોકસો એકટ અન્વયે રચવામાં આવેલી ખાસ અદાલત સમક્ષ કર્યુ હતુ. જે અન્વયે હાલનો સ્પે. પોકસો કેસ નંબર : ૧૨ સને ૨૦૨૬ દાખલ કરવામાં આવ્યો છે.

(૪) સદર કેસ દાખલ થતા આરોપી તેઓના વિદ્વાન વકીલશ્રી મારફતે બચાવ અર્થે અત્રે હાજર રહ્યા છે. સૌપ્રથમ બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે આરોપીને પોલીસ પેપર્સની નકલો વિનામૂલ્યે પુરી પાડવામાં આવી હોવાની ખાત્રી કરવામાં આવી હતી. ત્યારબાદ બી.એન. એસ.એસ.ની કલમ–૨૪૮ તથા ૨૪૯ અન્વયે વિદ્વાન એ.પી.પી.શ્રીએ આરોપી ઉપર જે તહોમત મુકવામાં આવ્યુ હતુ તેનું વર્ણન કરી ફરીયાદ પક્ષ કયા પુરાવાથી આરોપીનો દોષ સાબિત કરવા માંગે છે તેનું વર્ણન કરી મૌખિક સાહેદો તથા દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ અદાલત સમક્ષ રજુ કર્યા હતા. ત્યારબાદ કેસનું રેકર્ડ તથા રજુ કરેલા દસ્તાવેજોની વિચારણા કર્યા બાદ તેમજ તે સંબંધમાં બચાવપક્ષ તેમજ ફરીયાદ પક્ષની રજુઆતો સાંભળ્યા બાદ આરોપીએ તેમની સામે આક્ષેપિત ગુનો કર્યો હોવા સંદર્ભે ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી શકાય તેવા વ્યાજબી અને પુરતા કારણો અદાલતને જણાઈ આવ્યા હોય, આરોપી સામે બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૬૪(૧) ૩૫૧(૨) તથા પોકસો એકટની કલમ–૩(એ), ૪ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્યનું તહોમતનામું આંક–૦૭ થી ઘડવામાં આવ્યુ હતુ તેમજ તે તહોમતનામાના કથનો આરોપી સમક્ષ વાંચી, સંભળાવી, સમજાવી તહોમતનામા મુજબનો ગુનો કબુલ કરવા માંગો છો કે બચાવ કરવા માંગો છો ? તેવો પ્રશ્ન પુછી, તેમનું નિવેદન આંક–૦૮ થી નોંધવામાં આવ્યુ હતુ. જે અન્વયે આરોપીએ ગુનો કબૂલ કરવાનો ઈન્કાર કરી, બચાવ કરવા માંગતા હોવાનું જણાવતા, આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવી હતી.

(૫) તહોમનામું ફરમાવ્યા બાદ બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૪ અન્વયે ફરીયાદ પક્ષનો પુરાવો આરોપીની હાજરીમાં નોંધવામાં આવ્યો

હતો. ફરીયાદ પક્ષ તરફે ઉપર ફોર્મ-સી(એ) તથા (બી) માં જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવ્યા છે. ફરીયાદ પક્ષ તરફે પૂરાવો બંધ કર્યાની પુરસીસ આંક-૪૩ થી રજુ કરવામાં આવી છે. ત્યારબાદ અત્રેની અદાલતે બી.એન.એસ.એસ.કલમ-૨૫૬ ને અનુસરીને આરોપી પોતે જો સોગંદ ઉપર જુબાની આપવા માંગતા હોય અગર તો બચાવના સાહેદ તપાસવા માંગતા હોય, તો તેમ કરવાનો તેમનો પુરેપુરો અધિકાર છે, તેવી સમજણ આરોપીને આપવામાં આવી હતી. પરંતુ, આરોપી પોતે આવા અધિકારનો ઉપયોગ કરવા માંગતા નહીં હોવાનું તેમજ કોઇ પુરાવો રજુ કરવા માંગતાં નહીં હોવાનું જાહેર કર્યુ હતુ તેમજ ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લેતા, બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ નું નિવેદન નોંધી શકાય તેવા આરોપી વિરૂદ્ધના કોઇ સંજોગો જણાઇ આવ્યા ન હોવાથી તે નિવેદન નોંધવામાં આવ્યુ નથી.

(૬) આ કામે સરકાર તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી આર.પી.રાવલની મૌખિક દલીલો સાંભળવામાં આવી છે. તેઓની તેમની મૌખિક દલીલોમાં મુખ્યત્વે રજુઆત કરી છે કે, ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષ કરતા ઓછી સગીર વયની હોવાનું પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ નિવડયો છે તેમજ ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદ પક્ષ આરોપી વિરૂદ્ધ આક્ષેપિત ગુનાહિત કૃત્યનું તહોમત વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં સફળ નિવડયો છે. સબબ આરોપીને કસુરવાર ઠરાવી કાયદામાં ફરમાવ્યા મુજબની મહત્તમ સજા કરવાની જરૂર છે.

(૭) જયારે આરોપી તરફે વિ.વકીલશ્રી એ.કે.લાલવાણીની મૌખિક દલીલો સાંભળવામાં આવી છે. તેઓએ તેમની દલીલોમાં મુખ્યત્વે રજુઆત કરી છે કે, આ કામે ભોગ બનનાર તથા તેણીના પિતા કે જેઓ મહત્વના સાહેદો છે, તેઓએ ફરીયાદ પક્ષના કેસને કોઇ સમર્થન આપ્યુ નથી. ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા ભોગ બનનાર અને આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામા તેમજ મોટર સાયકલ અને

મોબાઈલ ફોન કબજે કર્યાના પંચનમાઓ બચાવપક્ષ તરફે કબુલ કરવામાં આવ્યા છે. સબબ તે દસ્તાવેજો પુરાવામાં સીધેસીધા ગ્રાહ્ય છે, પરંતુ તે દસ્તાવેજો થકી પણ આ કામના આરોપીએ તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય કર્યુ હોવાની હકીકતને કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી. ત.ક.અમલદારે રજુ કરેલા પુરાવાઓ ફરજના ભાગરૂપે કરવામાં આવતી કામગીરી દરમ્યાન બનાવવામાં આવ્યા છે. જયારે ભોગ બનનાર તથા તેણીના પિતાએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કર્યુ ન હોય, તે સંજોગોમાં તેવા દસ્તાવેજી પુરાવાઓ દ્વારા પણ હાલના આરોપીને કસુરવાર ઠરાવી શકાય નહીં. આમ, ફરીયાદ પક્ષ આરોપીએ તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય આચર્યુ હોવાની હકીકત વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડયા છે. સબબ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરી છે.

(૮) ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ પુરાવા ધ્યાને લેતા, હાલ કેસનો આખરી નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના **મુદ્દાઓ** ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તહોમતનામામાં જણાવ્યા અનુસાર આ કામની ભોગ બનનાર બનાવ વખતે સગીર વયની હોવાનું જાણવા છતા, આરોપીએ ભોગ બનનાર સાથે અગાઉ એક વાર શારીરિક સંભોગ કરી તેમજ તેણીને બદનામ કરવાની ધમકી આપી તેણીને તેણીના વાલીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ જઈ, આરોપીએ બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨), ૬૪(૧) ૩૫૧(૨) તથા પોકસો એકટની કલમ-૩(એ), ૪ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય આચર્યુ છે ?

(૨) શું હુકમ ?

(૯) ઉપરોક્ત મુદ્દાઓના મારા જવાબ કારણો સહિત નીચે મુજબ છે.

**(૧) નકારાત્મક.**

**(૨) અંતિમ હુકમ અનુસાર.**

**-::: કા ર ણો :::-**

**મુદ્દા નંબર - ૧ ::-**

(૧૦) હાલના કેસમાં આરોપી ઉપર બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨), ૬૪(૧) ૩૫૧(૨) તથા પોક્સો એક્ટની કલમ-૩(એ), ૪ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય આચર્યાનું તહોમત મુકવામાં આવ્યુ છે. નામદાર સર્વોચ્ચ અદાલતે **Rabindra Kumar Dey Vs. State of Orissa, AIR 1977 SC 170,** ના ચુકાદામાં ત્રણ મુખ્ય સિદ્ધાંતોનો પુનરોચ્ચાર કર્યો છે કે, (i) that the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt, and it cannot derive any benefit from weakness or falsity of the defence version while proving it's case; (ii) that in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty, and (iii) that the onus of the prosecution never shifts. Thus, it is well-settled that in criminal trial, the guilt of the accused must be proved beyond reasonable doubt in order to convict him. વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે **State of Uttar Pradesh Vs. Krishna Gopal, (1988) 4 SCC 302** માં ઠરાવ્યુ છે કે, the person has, no doubt, profound rights not to be convicted of an offence, which is not established by the evidential standard of proof beyond resonable doubt. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતોને ધ્યાને રાખી હાલના કેસમાં ફરીયાદ પક્ષ તરફથી પુરાવાની સાબિતીના બોજાનું વહન

કરવામાં આવ્યુ છે કે કેમ ? તે નકકી કરવા માટે ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલા પુરાવાઓની ચર્ચા કરવી આવશ્યક છે. જે નીચે મુજબ છે.

**(૧૦/૧)** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર-૧ ભોગ બનનારને આંક-૦૯ થી તપાસવામાં આવ્યા છે. જેઓ બનાવમાં ભોગ બન્યા છે. સબબ આરોપી વિરૂદ્ધનો ગુનો પુરવાર કરવા માટે સદર સાહેદનો મૌખિક પુરાવો ઘણો જ અગત્યનો ભાગ ભજવે છે. સદર સાહેદના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેણીએ ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપ્યુ નથી. તેણીએ સરતપાસમાં જણાવેલ છે કે, તેણીને આરોપી જીગર સાથે ઈન્સ્ટાગ્રામ ઉપર મિત્રતા થયેલી અને તેણી મિત્રતાના સબંધથી આ જીગર ઠાકોરને તેમના ગામમાં જાહેરમાં મળતી હતી અને તે અંગેની જાણ તેણીના પિતાને થતા, તેઓ અવાર નવાર ભોગ બનનારને મેણા ટોણા મારતા હોઈ, જેથી તેણી કંટાળીને તા.૦૨/૦૩/૨૦૨૬ ના રોજ મોડી રાત્રે દસેક વાગે ઘરે બધા સુઈ ગયા હતા ત્યારે તેણી એકલી ચૂપચાપ ઘરેથી નીકળી બહાર જઈ, સિદ્ધપુર અને ત્યાંથી ખેરાલુ ગયેલી અને ત્યારબાદ તેણી તેણીના ફોઈના ઘરે ખેરાલુ જતા તેણીના ફોઈ કુવાએ તેણીને ઠપકો આપેલો અને તેઓ તેણીને સિદ્ધપુર પો.સ્ટે. લાવેલા અને જયાં તેણીને જાણવા મળેલ કે, તેણીના પિતાએ તેણીનું અપહરણ આ જીગર ઠાકોરે કર્યુ છે તે બાબતની ફરીયાદ આપી હતી. પોલીસે માત્ર તેણીનું નામ સરનામું પુછેલુ અને તે સિવાય બીજી કોઈ પુછપરછ કરી ન હતી તેમજ તેણીના કપડા પોલીસને સુપ્રત કરેલા તેમજ પોલીસ તેણીને સરકારી દવાખાને લઈ ગઈ હતી, ત્યાં ડોકટરે તેણીના શરીરમાંથી નમુના લીધા હતા તેમજ તેણીને મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ લઈ ગયા હતા, જયાં તેણીની પુછપરછ કરી નિવેદન નોંધ્યુ હતુ. સાહેદે બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ અન્વયેના નિવેદનમાં પોતાની સહી હોવાની હકીકત જણાવી તે ઓળખી બતાવતા નિવેદન આંક-૧૦ થી રજુ છે. સાહેદે પોલીસને બનાવ વખતે પહેરેલ કપડા આપેલા તે કપડા બતાવવામાં આવે તો ઓળખી શકે તેમ જણાવેલ છે તેમજ આરોપીને ઓળખી બતાવેલ છે. આમ, સદર સાહેદ કે જે ભોગ બનનાર છે, તેણીએ ફરીયાદ પક્ષના કેસને

સમર્થન કરેલ ન હોઇ, તેઓને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ અદાલતની પરવાનગીના આધિન સદર સાહેદની વિસ્તૃત ઉલટતપાસ કરી છે. પરંતુ, તે થકી પણ ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઇપણ હકીકત રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવામાં તેઓ સફળ નિવડયા નથી. આમ, હાલના કેસમાં ભોગ બનનાર એવી વિશ્વસનીયતા ધરાવતા નથી કે, એકમાત્ર તેણીના મૌખિક પુરાવા ઉપર આધાર રાખીને આરોપીને કસુરવાર ઠરાવી શકાય. કારણ કે, ભોગ બનનાર વિદ્વાન મેજીસ્ટ્રેટ સમક્ષ આપેલ નિવેદનમાં તેમજ અદાલત સમક્ષ આપેલ મૌખિક પુરાવામાં તદ્દન વિરોધાભાસી હકીકતો જણાવે છે. વધુમાં, ભોગ બનનારે ઉલટતપાસમાં એવી હકીકત સ્વીકારેલ છે કે, સિદ્ધપુર કોર્ટના જજ સાહેબ સમક્ષ તેણીને પોલીસ લઇને ગઇ હતી અને સિદ્ધપુર કોર્ટના જજ સાહેબ સમક્ષ નિવેદન તેણીએ પોલીસના કહેવાથી તેણીએ લખાવ્યુ હતુ તેમજ હોસ્પિટલમાં ડોકટરને કોઇ હકીકત જણાવી નથી.

**(૧૦/૨)** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર–૨ ભોગ બનનારના પિતાને આંક–૧૯ થી તપાસવામાં આવ્યા છે. જેઓએ હાલના ગુનાની ફરીયાદ આપેલ છે. તેમના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપ્યુ નથી. તેઓએ તેમની સરતપાસમાં બનાવની ચોક્કસ તારીખ યાદ ન હોવાનું જણાવેલ છે અને બનાવ વખતે રાત્રીના નવેક વાગે તેમના ઘરના માણસો જમીને સુઇ ગયેલા અને તેઓ રાત્રે દસ વાગે જાગતા તેમની ભોગ બનનાર દિકરી ખાટલામાં જણાયેલ નહીં. જેથી તેઓએ તથા તેમની પત્નીએ ભોગ બનનારની શોધખોળ કરેલી, પરંતુ તેણી મળેલી ન હોઇ, જેથી તેઓ પોલીસ સ્ટેશને જાણ કરવા ગયેલા અને ત્યારબાદ તા.૦૪/૦૩/૨૦૨૬ ના રોજ પોલીસે તેઓને પો.સ્ટે. બોલાવેલા અને ભોગ બનનાર દિકરીને તેણીના ફોઇ–ફુવા મુકી ગયા છે તેમ જણાવેલ અને ત્યારબાદ પોલીસે આગળની કાર્યવાહી કરેલી અને તેમની પાસે એક લખાણ ઉપર ડાબા હાથના અંગુઠાનું નિશાન કરાવ્યુ હતુ. તે લખાણમાં પોલીસે શું લખ્યુ હતુ તેની તેમને ખબર નથી. સદર સાહેદે ફરીયાદમાં તેમના ડાબા હાથના અંગુઠાનું નિશાન હોવાનું જણાવી તે ઓળખી

બતાવતા ફરીયાદ આંક-૧૨ થી રજુ કરવામાં આવી છે. આમ, સદર સાહેદ કે જેઓ ભોગ બનનારના પિતા થાય છે અને હાલની ફરીયાદ આપેલ છે, તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ ન હોઇ, તેઓને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ અદાલતની પરવાનગીના આધિન સદર સાહેદની વિસ્તૃત ઉલટતપાસ કરી છે. પરંતુ, તે થકી પણ ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઇપણ હકીકત રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવામાં તેઓ સફળ નિવડયા નથી.

**(૧૦/૩)** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર-૩ દિનેશકુમાર ડાહ્યાભાઇ ચૌધરીને આંક-૩૩ થી તપાસવામાં આવ્યા છે. જેઓ પોલીસ સાહેદ છે અને આ ગુનાની તપાસ કરી છે. સદર સાહેદે તેમના મૌખિક પુરાવામાં આ ગુનાની તપાસ દરમ્યાન તેઓએ જે જે કાર્યવાહીઓ કરી હતી તેને સમર્થન આપ્યુ છે. સદર સાહેદના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ભોગ બનનારના પિતાએ પી.એસ.આઇ.શ્રી પી.વી.ચૌધરી રૂબરૂ ફરીયાદ આપી હતી. જે આધારે તેઓએ ગુનો દાખલ કરાવ્યો છે તેમજ ગુનાની તપાસ શરૂઆતમાં શ્રી પી.વી.ચૌધરીએ સંભાળેલી અને હાલનો ગુનો પોકસો એકટ હેઠળ નોંધાયેલ હોઇ, જેથી આગળ તપાસ હોદ્દાની રૂઇએ સાહેદે પોતે સંભાળી છે તેમજ તેઓએ લાગતા વળગતા સાહેદોની પુછપરછ કરી તેઓના નિવેદનો નોંધ્યા છે તેમજ આરોપી તથા ભોગ બનનારના બનાવ વખતે પહેરેલ કપડા પંચનામાની વિગતે કબજે લીધા હતા તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલું તેમજ ભોગ બનનાર તથા આરોપીની બળાત્કાર લગત મેડીકલ તપાસણી કરાવવા તજવીજ કરેલી તેમજ ભોગ બનનારનું બી.એન. એસ.એસ.ની કલમ-૧૮૩ નું નિવેદન નોંધાવવા જરૂરી તજવીજ કરી હતી તેમજ ભોગ બનનાર તથા આરોપીના તબીબી અધિકારીએ મેળવેલ નમુનાઓ તથા કબજે કરવામાં આવેલ મુદ્દામાલ એફ.એસ.એલ.પૃથ્થકરણ સારૂ મોકલી આપ્યા હતા તેમજ મોબાઇલ નંબરોની કોલ ડીટેઇલ મેળવવા તજવીજ કરેલી અને તપાસના અંતે એકંદરે આરોપી વિરૂદ્ધ પુરતા પુરાવા હોઇ, તેઓએ ચાર્જશીટ કર્યુ છે, સાહેદે આરોપીને અદાલત સમક્ષ ઓળખી બતાવ્યા છે

તેમજ કબજે લીધેલ મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકે તેમ જણાવી આંક-૩૪ થી આંક-૪૨ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કર્યા છે. સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એવા સૂચનોનો ઈન્કાર કર્યો છે કે, ખોટી ફરીયાદ આધારે ખોટો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો તેમજ ખોટી ફરીયાદને અનુરૂપ ભોગ બનનારની પુછપરછ કર્યા વિના તેમની મરજી વિરૂદ્ધ તેણીનું નિવેદન નોંધી લીધુ હતુ તેમજ ભોગ બનનારને સિદ્ધપુર કોર્ટના જજ સાહેબ સમક્ષ આરોપી વિરૂદ્ધ નિવેદન આપવા દબાણ કરવામાં આવ્યુ હતુ તેમજ આરોપી વિરૂદ્ધ કોઈ પુરાવા ન હોવા ખોટુ ચાર્જશીટ કરવામાં આવેલ હતુ.

**(૧૧)** હાલના કેસમાં આરોપી ઉપર સગીર વયની ભોગ બનનાર બાળાને બદનામ કરવાની ધમકી આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ ગયેલ અને આરોપીએ અગાઉ એકવાર ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધી બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨), ૬૪(૧), ૩૫૧(૨) તથા પોકસો એકટની કલમ-૩(એ), ૪ અન્વયે સજાને પાત્ર ગુનો આચર્યો હોવાનો આક્ષેપ મુકવામાં આવ્યો છે. પોકસો એકટ અન્વયે કોઈપણ આરોપીને કસુરવાર ઠરાવવા માટે સૌપ્રથમ પોકસો એકટની કલમ-૨(ડી) માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ભોગ બનનાર ૧૮ વર્ષ કરતા ઓછી ઉંમર ધરાવતુ બાળક હોવાની હકીકત પુરવાર થઈ હોવી જરૂરી છે. આ કામે ફરીયાદ પક્ષે આંક-૧૫ થી ભોગ બનનારના એલ.સી.ની ઝેરોક્ષ નકલ તથા આંક-૨૧ થી ભોગ બનનારની જન્મ તારીખ/જાતિ અંગેનું તેણીની શાળાનું પ્રમાણપત્ર તથા આંક-૨૨ થી ભોગ બનનારને શાળામાં પ્રવેશ આપતી વખતે વાલી દ્વારા ભરવામાં આવેલ ફોર્મની ખરી નકલ રજુ થયેલ છે. આ ત્રણેય દસ્તાવેજો બચાવપક્ષે કબુલ રાખેલ છે. જેથી આ ત્રણેય દસ્તાવેજી પુરાવામાં દર્શાવેલ ભોગ બનનારની જન્મ તા.૧૦/૦૯/૨૦૦૯ ની હોવાનું નહીં માનવાને કોઈ કારણ નથી. જેથી ભોગ બનનારની જન્મ તારીખ ધ્યાને લેતા તેમજ હાલનો ગુનો તા.૨૦/૦૨/૨૦૨૬ ના રોજ બનેલ હોવાની હકીકત ધ્યાને લેતા, બનાવના દિવસે ભોગ બનનાર ૧૬ વર્ષ, ૦૫

માસ અને ૨૪ દિવસની સગીર વયની બાળા હોવાનું પુરવાર થાય છે. આમ, બનાવ વખતે ભોગ બનનાર સગીર વયની બાળા હોઇ, આરોપી સામેના આક્ષેપિત ગુના પુરવાર કરવા માટે ભોગ બનનારનો મૌખિક પુરાવો ઘણો જ અગત્યનો છે. હાલના કેસમાં ભોગ બનનારે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપ્યુ નથી. તેણીનો મૌખિક પુરાવો વંચાણે લેતા, આરોપીને તેની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્યના તહોમત સાથે સાંકળી શકાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર પ્રસ્થાપિત થઇ નથી. ભોગ બનનારના પિતા કે જેઓ ફરીયાદી છે તેમનો મૌખિક પુરાવો વંચાણે લઇએ તો તેઓએ પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપ્યુ નથી. વધુમાં, હાલના કેસમાં ભોગ બનનાર તથા આરોપીના બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામા તથા મોટર સાયકલ તથા મોબાઇલ કબજે કર્યાનું પંચનામું તથા ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા ભોગ બનનાર અને આરોપીની મેડીકલ તપાસણી અંગેના સર્ટીફિકેટ બચાવપક્ષ તરફે કબુલ કરવામાં આવ્યા છે. સબબ તે દસ્તાવેજો પુરાવામાં સીધેસીધા ગ્રાહ્ય છે, પરંતુ તે દસ્તાવેજો થકી પણ આ કામના આરોપીએ તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય કર્યુ હોવાની હકીકતને કોઇ સમર્થન પ્રાપ્ત થતુ નથી. કારણ કે, તેવા દસ્તાવેજોનો ઉપયોગ માત્ર ભોગ બનનારના મૌખિક પુરાવાને સમર્થન આપવા માટે કરી શકાય. જયારે હાલના કેસમાં ભોગ બનનારે તેણીના મૌખિક પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ ન હોય, સદર દસ્તાવેજો કે જે પુરાવાનું સમર્થનાત્મક મુલ્યાંકન ધરાવે છે તે થકી આરોપીને કસુરવાર ઠરાવી શકાય તેમ નથી. વધુમાં, હાલના કેસમાં ભોગ બનનાર તથા આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા તેમજ તબીબી અધિકારીએ આરોપી તથા ભોગ બનનારની શારીરિક તપાસ દરમ્યાન શરીરમાંથી લીધેલ નમુનાઓ સાયન્ટીફીક એનાલીસીસ માટે એફ.એસ.એલ. માં મોકલવામાં આવ્યા છે. તેના પરિણામ થકી પણ આ કામના આરોપીએ ભોગ બનનારની સાથે શારીરિક સંભોગ કરેલ હોય તેવા કોઇ પરિણામો પ્રાપ્ત થઇ શકયા નથી. વધુમાં, ત.ક.અમલદાર દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાઓ ફરજના ભાગરૂપે કરવામાં આવતી કામગીરી દરમ્યાન બનાવવામાં આવ્યા છે. જયારે ભોગ બનનારે ફરીયાદ પક્ષના કેસને સમર્થન કર્યુ ન હોય,

તે સંજોગોમાં તેવા દસ્તાવેજી પુરાવાઓ દ્વારા પણ હાલના આરોપીને કસુરવાર ઠરાવી શકાય નહીં. આમ, હાલના કેસમાં ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલા ઉપર જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું ઝીણવટભરી રીતે તુલનાત્મક મુલ્યાંકન કરતા આરોપીએ ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણતા હોવા છતા, આરોપીએ તા.૨૦/૦૨/૨૦૨૬ ના રોજ રાત્રીના દસેક વાગે તેઓના ગામમાં ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધેલ અને તે જગ્યાએ ભોગ બનનારને તા.૨૦/૦૩/૨૦૨૬ ના રોજ બોલાવી ભોગ બનનારને બદનામ કરવાની ધમકી આપી, તેણીને ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ જઈ, બી.એન.એસ. ની કલમ–૧૩૭(૨), ૬૪(૧), ૩૫૧(૨) તથા પોકસો એકટની કલમ–૩(એ), ૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાહિત કૃત્ય આચર્યુ હોવાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડયો હોઈ, **મુદ્દા નંબર–૧** નો જવાબ **નકારાત્મક** આપી **મુદ્દા નંબર–૨** પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: હુકમ ::–

(૧) આ કેસના આરોપી જીગરજી કડવાજી ઠાકોર, ઉં.વ.૨૨, ધંધો : મજુરી, રહેવાસી : ગામ મુડવાડા, રબારીપુરા, તા.સિદ્ધપુર, જી.પાટણવાળાને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૧) અન્વયે બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૬૪(૧), ૩૫૧(૨) તથા પોકસો એકટની કલમ–૩(એ), ૪ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્યના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કિંમતી મુદ્દામાલ આર્ટિકલ નંબર–૭ બજાજ કંપનીના પલ્સર મોટર સાયકલ તથા મુદ્દામાલ આર્ટિકલ નંબર–૮ ઓપો કંપનીના મોબાઈલ ફોનની વચગાળાની કસ્ટડી અંગે જો કોઈ હુકમ કરી તે સુપ્રત કરવામાં આવેલ હોય તો તે કસ્ટડી

આથી કાયમ કરવામાં આવે છે અને જો સદર મુદ્દામાલ મોટર સાયકલની વચગાળાની કસ્ટડી સુપ્રત કરવામાં આવી ન હોય તો મુદ્દામાલ આર્ટિકલ નંબર–૭ બજાજ કંપનીના પલ્સર મોટર સાયકલ અપીલ સમય વિત્યા બાદ વેરીફીકેશન કરીને કડવાજી મદારજી ઠાકોરને તથા મુદ્દામાલ આર્ટિકલ નંબર–૮ ઓપો કંપનીના મોબાઇલ ફોન સમય વિત્યા બાદ વેરીફીકેશન કરીને આરોપી જીગરજી કડવાજી ઠાકોરને સુપ્રત કરવાનો હુકમ કરવામાં આવે છે. જયારે મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના અન્ય બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હાલના કેસના સંજોગો ધ્યાને લેતા, વળતર અંગે કોઇ હુકમ નથી.

(૪) આ કામના આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ ની જોગવાઇ મુજબ, અપીલ સમય સુધી રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) નો એક સદ્ધર જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો ભરી આપવાનો રહેશે.

આ હુકમ આજરોજ તારીખ : **૨૧** મી, માહે : **જુલાઇ**, સને : **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૧/૦૭/૨૦૨૬.
પાટણ.

**(કૌશિકકુમાર જશવંતલાલ મોદી)**
સ્પેશ્યલ જજ (પોકસો),
પાટણ.
(જજ કોડ નં. જીજે ૦૦૫૯૭)

KBS.